# રાજકોટના વોર્ડ નં.૧૬ની ન્યુ કેદારનાથ સોસાયટીમાં અશાંતધારાનો ભંગ : કલેકટરને રજૂઆત

## સોસાયટીના રહીશોને ગેરમાર્ગે દોરી છ જેટલા મકાનોનું વેચાણ : અરજદારોનું આવેદનપત્ર



રાજકોટ,
રાજકોટ શહેરના વોર્ડ નં.૧૬માં આવેલી ન્યુ કેદારનાથ સોસાયટીમાં અશાંતધારાનો ભંગ થઈ રહ્યાની ફરિયાદ સાથે આ વિસ્તારના રહીશોએ વિશાળ સંખ્યામાં આજે કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ મામલે અધિક કલેકટર બારોટને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરી હતી.

આ અંગે ન્યુ કેદારનાથ સોસાયટીના અગ્રણી રહીશોએ જણાવ્યું હતું કે આ વિસ્તારની અનેક સોસાયટીઓમાં અશાંતધારો (નોટીફાઈડ) લાગુ કરવામાં આવ્યો છે. પરંતુ આ કાયદાનું યોગ્ય રીતે પાલન થતુ નથી. છેલ્લા ઘણા સમયથી ન્યુ કેદારનાથ સોસાયટીમાં કેટલાક શખ્સો દ્વારા અશાંતધારાના કાયદાનો ભંગ કરી મકાનોની લે-વેચ કરવામાં આવી રહી છે. વિધર્મીઓ દ્વારા આ મકાન ખરીદવામાં આવી રહ્યા છે. આ ગંભીર બાબતે સોસાયટીના રહીશો દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ કરવામાં આવી હતી. આમ છતાં મકાનોની લે-વેચ કરતા દલાલો દ્વારા મકાનોના લે-વેચની કામગીરી શરુ રાખી છે.

આ સોસાયટીના ૪૦ ફુટના રોડ પર પથીદ મકાનોનું સોસાયટીના રહીશોને ગેરમાર્ગે દોરી વેચાણ કરવામાં આવ્યું છે. જેથી આ મકાનોના વેચાણ કરાર રદ કરવા તેઓએ માંગણી ઉઠાવી હતી.તેની સાથોસાથ ન્યુ કેદારનાથ સોસાયટીના રહીશોએ એવું પણ જણાવ્યું હતું કે અમુક નોટરી અને વકીલો દ્વારા આ કાયદાનું ઉલ્લંઘન કરી વિધર્મીઓને મકાન વેચાણના કરાર કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં એક બેક્ર દ્વારા જપ્ત કરાયેલ મકાનની કરાયેલ હરરાજીમાં વિધર્મી દ્વારા ઉંચી બોલી બોલાતા તેઓને મકાન ફાળવી દેવામાં આવેલ છે જે યોગ્ય નથી.

આ સોસાયટી વર્ષો જુની એટલે કે ૩૫ વર્ષ જુની સોસાયટી છે જેને રેગ્યુલાઈઝ કરવાનો પ્રશ્ન પણ અદ્ધરતાલ લટકી રહ્યો છે. જેથી આ બાબતે પણ તત્કાલ પગલા લેવા તેઓએ માંગણી કરી હતી.

# કચ્છી નવા વર્ષના પાવન અવસરે કચ્છી ક્ષત્રિય સમાજ રાજકોટ દ્વારા સ્નેહમિલન યોજાયું

રાજકોટ,
કચ્છી અષાઢી બીજ તથા કચ્છી નવા વર્ષના પાવન અવસરે કચ્છ ક્ષત્રિય સમાજ, રાજકોટ દ્વારા ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યુંવ હતું.

કાર્યક્રમમાં પ્રમુખશ્રી સામતસિહ વેલુભા જાડેજા (વડસર), ઉપપ્રમુખશ્રી અશોકસિહ પ્રવિણસિહ જાડેજા (ધોકડા), મંત્રીશ્રી રાજેન્દ્રસિહ અભેસિહ જાડેજા (ટુંડા), સહમંત્રીશ્રી આર. એમ. જાડેજા (સમાઘોઘા), ખજાનચીશ્રી શક્તિસિહ બહાદુરસિહ જાડેજા (બાયઠ) તેમજ બટુકસિહ તખુભા જાડેજા (મોટા બાંદ્રા) સહિત કમિટીના તમામ સભ્યોએ ઉપસ્થિત મહેમાનો અને સમાજજનોનું સ્વાગત કર્યું હતું.ચારણ સંતશ્રી પાલુભગતજી બાપુ (વવાર, કચ્છ હાલ કાળીપાટ, રાજકોટ), શ્રી ઓમકારસિહ જાડેજા (લાકડિયા રાજપરિવાર), શ્રી પી. એમ. જાડેજા (જિલ્લા તિજોરી અધિકારી, રાજકોટ) તથા ડો. ભવાનીસિહ સોઢા (કોર્પોરેશન આરોગ્ય વિભાગ, રાજકોટ) વિશેષ ઉપસ્થિત રહી આશીર્વચન અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી સામતસિહ વેલુભા જાડેજાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સમાજની સાચી તાકાત તેની એકતામાં રહેલી છે. એકતા હશે તો શિક્ષણ, આરોગ્ય, યુવા વિકાસ, દીકરા-દીકરીઓના ઉચ્ચ શિક્ષણ અને સમાજના સર્વાંગી વિકાસના અનેક કાર્યો સરળતાથી શક્યત બનશે. સમાજના જે વિકાસકાર્યો પૂર્ણ થયા છે તે ગૌરવની વાત છે અને જે કાર્યો બાકી છે તે પણ સૌના સહયોગથી પૂર્ણ કરવામાં આવશે.સમાજના કોઈપણ ભાઈ કે બહેનને મુશ્કે લીના સમયમાં જરૂર પડશે ત્યારે કચ્છ ક્ષત્રિય સમાજની કમિટી તાત્કાલિક મદદ માટે પહોંચશે અને સમાજસેવાનું કાર્ય સતત આગળ વધારશેવિશેષરૂપે બહેનોએ કચ્છી અષાઢી બીજ અને નવા વર્ષની ખુશીમાં ઉત્સાહભેર પરંપરાગત ગરબા રમીને સમગ્ર વાતાવરણને આનંદમય અને ઉત્સાવમય બનાવી દીધું હતું.

આ સ્નેહમિલન કાર્યક્રમ સમાજમાં એકતા, સંગઠન, સેવા અને સંસ્કારના મૂલ્યોને વધુ મજબૂત બનાવતો યાદગાર પ્રસંગ બની રહ્યો હોવાનું અખબારી યાદીમાં જણાવાયું છે.શ્રી ગજેન્દ્ર સિંહજી જાડેજા આભાર વ્યક્ત કરેલ અને શ્રી આર એમ જાડેજા -સમાઘોઘા સહિતનાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી

# જૂનાગઢમાં સશસ્ત્ર દળોની ભરતી માટે ૩૦ દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગ યોજાશે

## આર્મી, એરફોર્સ, નેવી સહિતના સશસ્ત્ર દળોની ભરતી માટે નિઃશુલ્ક તાલીમનું આયોજન

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,
રાજયના યુવાનો આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો તથા પેરા મિલિટરી ફોર્સિસમાં વધુમાં વધુ પસંદગી પામે અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત થાય તે હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ દ્વારા ૩૦ દિવસીય સંપૂર્ણ નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગનું આગામી સમયમાં આયોજન કરવામાં આવનાર છે.

આ તાલીમ દરમિયાન ઉમેદવારોને રહેવા તથા જમવાની નિઃશુલ્ક સુવિધા સાથે ભરતી પ્રક્રિયાને અનુરૂપ શારીરિક તેમજ લેખિત પરીક્ષાની સઘન તાલીમ આપવામાં આવશે. શારીરિક તાલીમમાં દોડ, લાંબો કૂદકો, પુલ-અપ્સ સહિતની વિવિધ કસોટીઓનો સમાવેશ કરવામાં આવશે.તાલીમમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ ધોરણ-૧૦માં ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ અથવા ધોરણ-૧૨માં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે કોઈપણ પ્રવાહમાં પાસ થયેલા હોવા જોઈએ. ઉમેદવારની ઉંમર ૧૭.૫ વર્ષથી ૨૩ વર્ષ વચ્ચે હોવી જરૂરી છે. ઉપરાંત, ઊંચાઈ ૧૬૨ સેન્ટિમીટર, વજન ૫૦ કિલોગ્રામ તથા છાતીનું માપ ફુલાવ્યા વગર ૭૭ સેન્ટિમીટર અને ફુલાવ્યા બાદ ૮૨ સેન્ટિમીટર હોવું આવશ્યક છે.રસ ધરાવતા ઉમેદવારોએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે રૂબરૂ તા.૩૦/૭/૨૦૨૬ સુધીમાં અરજી આપવાની રહેશે.

# આજથી રાજકોટ શહેર ભાજપ પ્રમુખનો તમામ વોર્ડમાં સંગઠનાત્મક પ્રવાસ યોજાશે

રાજકોટ,
રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેનો રાજકોટ મહાનગરના તમામ વોર્ડમાં સંગઠનાત્મક પ્રવાસ યોજાશે.શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાનીએક સંયુકત અખબારીયાદીમાં જણાવાયું છે કે ભારતીય જનતા પાર્ટી એ કેડરબેઈઝ પાર્ટી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારે દેશમાં વિકાસ કામો કરી દેશનું નામ વિશ્વમાં ઉંચુ કર્યુ છે.

ત્યારે સંગઠનના માધ્યમથી પાર્ટીના કાર્યકર્તાઓ કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓની માહિતી પ્રજા સુધી પહોચાડે અને આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપનું કમળ દેશમાં સંપૂર્ણ રીતે ખીલી ઉઠે તેવી હાકલ કરી હતી. કળીમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી વટવૃક્ષ બનેલ ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા હંમેશા પ્રજાની વચ્ચે રહી તેના સુખદુઃખમાં ભાગીદાર બનતો આવ્યો છે. ભાજપના કાર્યકર્તાનો વ્યવહાર જ ભાજપની ઓળખ છે. ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી વધુ બળવતર થઈ છે તેનું ગૌરવ છે.

ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા દેશનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં કાર્ય કરી રહયો છે અને પાર્ટીમાં વિવિધ જવાબદારીઓ સંભાળી સેવાકીય નેતૃત્વના ગુણ પ્રાપ્ત કરતો હોય છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ માટે સત્તાનંશ નેતૃત્વ હંમેશા સેવાનું માધ્યમ રહયું છે.

આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થાય તે માટે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્રૂવકર્માજીના નેતૃત્વમાં પ્રદેશ ભાજપની યોજના અનુસાર પાર્ટીના કાર્યકર્તાઓને મળવા માટે દરેક વોર્ડમાં શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા અને જે તે વોર્ડના કોર્પોરેટરશ્રીઓ વોર્ડ નં. ૧ થી ૬ ના વોર્ડ પ્રમુખના નિવાસ સ્થાને રૂબરૂ મુલાકાત લઈ રાજકોટ શહેર સંગઠનને લગતી ચર્ચા-વિચારણા કરશે.

# રાજકોટમાં શ્રી રાજપૂત યુથ ફાઉન્ડેશન દ્વારા 'સરસ્વતી વંદના વિદ્યાર્થી સત્કાર સમારોહ' યોજાશે

રાજકોટ, શ્રી રાજપૂત યુથ ફાઉન્ડેશન - રાજકોટ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ અને સુંદર પરિણામ મેળવનાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે આગામી તારીખ ૨૬-૭-૨૦૨૬, રવિવારના રોજ 'સરસ્વતી વંદના વિદ્યાર્થી સત્કાર સમારોહ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ સ્થિત શ્રી રંગીલા કોમ્પ્લેક્સ, ગાયત્રીનગર ખાતેથી સંચાલિત આ ફાઉન્ડેશનના પ્રમુખ ભાર્ગવભાઈ પઢીયાર દ્વારા જણાવ્યા અનુસાર, શૈક્ષણિક વર્ષ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સમાજના કુલ ૪૪૭ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં બિરદાવવામાં આવશે. પ્રોત્સાહનરૂપે દરેક તેજસ્વી વિદ્યાર્થીને મોમેન્ટો, સ્કૂલ બેગ, પેન સેટ તથા ફૂલસ્કેપ ચોપડા ભેટ આપીને સન્માનિત કરવામાં આવશે.

આ સત્કાર સમારોહ આગામી રવિવાર, તા. ૨૬ જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરે ૨:૩૦ કલાકે, પ.પૂ. રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ, આનંદ નગર, જલજીત હોલ પાસે, બોલબાલા માર્ગ, રાજકોટ ખાતે યોજાશે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વે માટે સ્વરૂચિ ભોજનનું પણ સુંદર આયોજન રાખવામાં આવ્યું છે.

શ્રી રાજપૂત યુથ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સમાજના તમામ આગેવાનો, વડીલો તેમજ વાલીઓ અને વિદ્યાર્થીઓને આ પ્રેરણાદાયી પ્રસંગે મોટી સંખ્યામાં હાજર રહેવા જણાવાયું છે.

# જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા માળિયાહાટીના તાલુકાના ગડુ ખાતે ભરતીમેળો યોજાયો

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,
જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા માળીયાહાટીના તાલુકાના ગડુ ખાતે સાગર એકેડેમી કેમ્પસમાં નોકરીદાતાઓ તથા રોજગારવાચ્છું વચ્ચે સેતુરૂપ બનવાના આશ્રયથી ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ ભરતીમેળામાં માળીયા, માંગરોળ તાલુકાના ૧૮૦૦થી વધુ ઉમેદવારોને ઈ-મેઈલ અને સોશિયલ મિડિયાના જુદા-જુદા માધ્યમથી ઈન્ટરવ્યું પ્રક્રિયા માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી કુલ ૪૦ થી વધુ ઉમેદવારો હાજર રહયા હતા.

આ ભરતીમેળામાં ઉપસ્થિત તમામ નોકરીદાતાશ્રીઓ ઓસીયસ સર્જીકલ-મોરબી, મયુર વોવિંગ પ્રા.લી. ખાત્રજ કલોલ, બિ.એમ. એન્ટરપ્રાઈઝ-ગાંધીધામ તથા એસ.બી.આઇ. લાઈફ ઈન્શ્યોરન્શ કંપની કેશોદ બ્રાંચ ઉક્ત તમામ નોકરીદાતા દ્વારા ખાલી રહેલ જગ્યા તેમજ મહેનતાણુ અન્ય લાભો અને સુવિધાઓથી ઉમેદવારોને માહિતગાર કર્યા હતા. આ કુલ ચાર નોકરીદાતાઓ દ્વારા ઉમેદવારો માટે ઈન્ટરવ્યું પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં હાજર રહેલ પૈકી ૨૪ જેટલા ઉમેદવારોના શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, અનુભવ તથા આવડતના આધારે રોજગાર વાંચ્છુંઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. તદ ઉપરાંત રોજગાર કચેરીના અધિકારી/કર્મચારીશ્રી દ્વારા રોજગાર કચેરીની વિવિધ સેવાઓ, જેમા મુખ્ય એમ્પ્લોયમેંટ કાર્ડ રજીસ્ટ્રેશન, નિવાસી તાલીમ યોજના, આગામી માસમાં યોજાનાર ભરતીમેળા, પી.એમ.ઈન્ટર્નશીપ યોજના, તેમજ પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજનાથી ઉમેદવારો તેમજ નોકરીદાતાશ્રીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ ઉપસ્થિત રોજગારવાંચ્છુ ઉમેદવારોને મોટીવેશન આપી કારકિર્દી માર્ગદર્શન કરવામાં આવ્યું હતું.

# રાજકોટમાં સેરેનીટી ગાર્ડન લાફીંગ કલબ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો




રાજકોટ,સેરેનીટી ગાર્ડન લાફીંગ કલબ, રાજકોટ દ્વારા ગેટ-ટુ-ગેધર, "તંદુરસ્ત જીવન જીવવાની ચાવી...જડીબુટ્ટી" વિષય પર આરોગ્યલક્ષી માર્ગદર્શન તેમજ જમણવાર એમ ત્રિવિધ કાર્યક્રમ અનેરા ઉત્સાહ સાથે કણકોટ રોડ પર આવેલા સવન સ્પ્લેન્ડર વિક એન્ડ વિલા રિસોર્ટ ખાતે સંપન્ન થયો હતો.

શરૂઆતમાં વરૂણભાઈ પટેલે સ્ટેજ પર અતિથિ વિશેષ નેચરોપેથી ટ્રીટમેન્ટના નિષ્ણાંત ડો. રમેશભાઈ કોયાણી, લાફીંગ કલબ ઓફ ગ્રુપ રાજકોટ શહેરના ચેરમેન જયંતિભાઈ માંડવીયા, પ્રમુખ રમેશભાઈ અનડકટ, મહામંત્રી અશ્વિનભાઈ પટેલ, સેરેનીટી લાફીંગ કલબના પ્રમુખ ગાંગજીભાઈ સાદરિયા, ઉપપ્રમુખ ભાવિન્દુભાઈ ચાંગેલા અને દામજીભાઈ રંગાણીને આસન ગ્રહણ કરવા આવકાર્યા હતા.

# રાજકોટ જિલ્લા કલેકટરે લોધીકાની વિવિધ કચેરીઓની સરપ્રાઈઝ વિઝીટ કરી

## સબરજીસ્ટ્રાર - જમીન - દફતર કચેરીની કામગીરી નિહાળી અરજદારોના પ્રશ્નોનો નિકાલ કરવા આદેશ



રાજકોટ
રાજકોટ જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશ દ્વારા લોધીકા તાલુકાની લીધેલી મુલાકાત દરમ્યાન સબરજીસ્ટ્રાર કચેરી અને જમીન દફતર નિરીક્ષક કચેરીની કામગીરીની સમીક્ષા કરી હતી.તેની સાથે સાથે નાગરિકોમાં પ્રશ્નનો ઝડપી અને અસરકારક નિકાલ થાય તે માટે કલેકટર ઓમપ્રકાશ દ્વારા અધિકારીઓને તાકીદ કરી હતી. આ ઉપરાંત કલેકટર ઓમપ્રકાશ દ્વારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પણ તેઓએ હાજરી આપી હતી. જેમાં તાલુકાભરમાંથી આવેલા અરજદારોએ પડતર પ્રશ્નોની રજુઆત કરી હતી.

અરજદારોના આ પ્રશ્નનો ઝડપથી નિકાલ થાય તે માટે હકારાત્મક વલણ દાખવી અધિકારીઓને સૂચના આપી હતી. આ મુલાકાત દરમ્યાન કલેકટર ડો. ઓમપ્રકાશ દ્વારા લોધીકાની વિવિધ કચેરીઓની સરપ્રાઈઝ વિઝીટ કરી તેમની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું

# નેક્સ્ટ- જનરેશન પેસ્ટ મેનેજમેન્ટમાં ભારતના નાના ખેડૂતોને સહયોગ આપવા બેયર રજૂ કરે છે, ટ્રાન્સન

રાજકોટ:
બેયર આજે રજૂ કરે છે, ટ્રાન્સ, એક નવીનતમ જંતુનાશક જે ખાસ કપાસમાં થતી મોલો- મસી, લીલી પોપટી અને સફેદ માખીના બચ્ચા સહિત ચૂસીયા જીવાતો સામે અસરકારક રીતે રક્ષણ કરવામાં ખેડૂતોને મદદ કરવા માટે તૈયાર કરવામાં આવેલું એક નવું જંતુનાશક છે. એક જ સોલ્યુશન્સમાં બે પુરક ક્રિયા પદ્ધતિઓ વિકલ્પોના સંયોજન સાથે, ટ્રાન્સ એ એક વ્યાપક-વ્યવસ્થાપન નિયંત્રણ પૂરું પાડે છે, જે સ્વસ્થ પાક, સુધારેલી ઉત્પાદકતા અને ખેડૂતોની નફાકારકતામાં વધારો કરે છે. આ પ્રોડકટ જુલાઈ ૨૦૨૬થી મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, તમિલનાડુ, કેરળ, રાજસ્થાન, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, પંજાબ, હરિયાણા અને પશ્ચિમ બંગાળ સહિતના મુખ્ય કપાસ ઉગાડતા રાજ્યોમાં મળશે. આ રજૂઆત વિશે, બાયરના ક્રોપ સાયન્સ વિભાગના ભારતના ચીફ ઓપરેટિંગ ઓફિસર મોહન બાબુએ જણાવ્યું હતું કે, બેયર હંમેશા એક નવી શરૂઆત કરીને ખેડૂતોના બદલાતા જતા પડકારોને સમજવાથી શરૂ કરે છે. અનેક જીવાતોની ઘટનાઓ અને વધતા પ્રતિકારને કારણે શોષક જીવાતોની સામે રક્ષણ કરવું વધુને વધુ મુશ્કેલ બન્યું છે. ટ્રાન્સ એ એક નવીન ઉકેલ દ્વારા બે પૂરક પ્રક્રિયાને એકસાથે લાવે છે, જેનાથી ખેડૂતોને પાકના સ્વાસ્થ્ય, ઉત્પાદકતા અને નફાકારકતામાં સુધારો કરવામાં મદદ કરવાની સાથોસાથ અસરકારક રીતે જીવાતની સામે સુરક્ષા પૂરી પાડે છે ટ્રાન્સની રજૂઆતની સાથે, બેયર એ વિજ્ઞાન-આધારિત નવીન શોધને આગળ વધારતા તેના પાક સંરક્ષણ પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવી રહી છે. જે ખેડૂતોને સંસાધનોનું સંરક્ષણ કરવાની સાથોસાથ સ્થિર ખેતીની પદ્ધતિને આગળ ધપાવતા વધુ ઉત્પાદન કરવા સક્ષમ બનાવે છે. ટ્રાન્સ એ ૧૦૦ એમએલ, ૨૨૦ એમએલ અને ૫૦૦ એમએલ પેકમાં ઉપલબ્ધ થશે.

# રાજકોટમાંપ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા 'પ્રાણાયામ અને ધ્યાન વર્કશોપ'નુંઆયોજન

રાજકોટ,રાજકોટ પ્રોજેક્ટ 'લાઈફ', રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ ખાતે તા. ૨૫ જુલાઈ ૨૦૨૬, શનિવારના રોજ 'પ્રાણાયામ અને ધ્યાન' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ સવારે ૭:૦૦ થી ૮:૩૦ અને સાંજે ૫:૦૦ થી ૬:૩૦ વાગ્યા દરમિયાન યોજાશે, જેનું સંચાલન આયુષ મંત્રાલય દ્વારા સર્ટિફાઈડ યોગ શિક્ષક શ્રી રાજીવ મિશ્રા કરશે.આધુનિક જીવનની વ્યસ્તતા, તણાવ અને માનસિક દબાણ વચ્ચે શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય જાળવવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે.
આ વર્કશોપમાં ભાગ લેવા માટે પૂર્વ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન તથા વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૮૫૧૧૩ ૩૧૧૩૩ અથવા 'લાઈફ' બિલ્ડિંગ, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટનો સંપર્ક કરવો.

# ડબલ મર્ડર : પિસ્તોલ કબ્જે કરવા કવાયત : આર્મ્સ એકટ હેઠળ ગુનો નોંધવા પણ તજવીજ

રાજકોટ:સોમનાથ સોસાયટી-૨ માં મોડી રાતે ખેલાયેલ ખૂની ખેલમાં બે સગા ભાઈઓની હત્યા થઈ હતી અને આરોપી હાર્દિક ધોળકિયા પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયો હતો. જે ગુનામાં છરી અને પાઈપનો જ ફરીયાદમાં ઉલ્લેખ થયો હતો.

જો કે, વાયરલ થયેલ વીડિયોમાં કેટલાક શખ્સો રિવોલ્વર ટીંગાળી ફરતાં હોય તેવું જોવા મળતા પોલીસે એક આરોપીને પકડી વિશેષ તપાસ આદરી હતી જેમાં તેની પાસે હથિયાર હોવાની કબૂલાત આપતાં તે હથિયાર રિકવર કરી યુની. પોલીસે ગુનો નોંધવા તજવીજ આદરી છે.

બનાવ અંગે સોમનાથ સોસાયટી-૨ માં મોડી રાતે ઘસી ગયેલ વૈશાલીનગરનો હાર્દિક ધોળકિયા ક્રૂર બન્યો હતો અને અને નેફામાંથી છરી કાઢી તૂટી પડ્યો હતો. જેમાં રૈયાધારમાં રહેતાં ૫૫ વર્ષીય સુરેશભાઈ ધોળકીયાનું ઘટનાસ્થળે મોત થયું હતું. જયારે તેમના ભાઈ રાજેશભાઈ ધોળકીયનું ટૂંકી સારવારમાં મોત નિપજતાં ઘટના ડબલ મર્ડરમાં ફેરવાઈ હતી. જયારે મૃતક સુરેશભાઈને પુત્ર લાખાને જીવલેણ ઈજા થતાં સારવારમાં ખસેડાયા હતાં.જયારે સામાપક્ષે સોમનાથ સોસાયટીમાં થયેલ લોહીયાળ અથડામણમાં પૈસા અને જમીનની માથાકૂટમાં પ્રૌઢને મોતને ઘાટ ઉતારનાર હાર્દિક ધુળા ધોળકિયા (ઉ.વ.૨૭ રહે. વૈશાલીનગર શેરી નં-૦૪ માધવવાટીકા મકાન આમ્રપાલી ચોકીની સામે) ને પણ સામે વાળા શખ્સોએ છરી તથા લોખંડના પાઈપ વડે માથામા અને શરીરના અલગ અલગ ભાગે જીવલેણ ઘા ઝીકી દેતાં તેને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયો હતો.

જે મામલે યુની. પોલીસે આરોપી હાર્દિક ધોળકિયા સામે હત્યા સહિતની ગંભીર કલમ તેમજ મૃતક સુરેશભાઇ ઉર્ફે સુરાભાઇ બાલાભાઇ ધોળકીયા તેમજ લાખા સુરેશભાઇ ધોળકીયા, રાજેશભાઇ બાલાભાઇ ધોળકીયા અને શિવા નથુભાઇ ડોંડા સામે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.જે અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપીઓએ જુની જમીનના પૈસા બાબતે જુની અદાવતનો ઝઘડો ચાલતો હોય જેનો ખાર રાખી સમાન ઈરાદે ગુનાને અંજામ આપ્યો હતો.

જ્યારે ઘટના બાદ ગઈકાલે વાયરલ થયેલ વિડીયો અને સીસીટીવી ફુટેજમાં દેખાતા આરોપી પાસે હથિયાર પણ હોવાનું દેખાતા પોલીસ દોડતી થઈ હતી. જે અંગે પોલીસે તુરંત હત્યા પ્રયાસના આરોપી લાખા સુરેશભાઈ ધોળકીયા અટક કરી તેની પુછતાછ આદરી રિમાન્ડ લેવાં તજવીજ હાથ ધરાઈ છે.

જેમાં તેને પોતાની પાસે હથિયાર હોવાની કબૂલાત આપતાં પોલીસે હથિયાર કબ્જે કરવાં કવાયત આદરી આર્મ્સ એકટ અંગેનો ગુનો દાખલ કરવાં પણ તજવીજ હાથ ધરાઈ છે જયારે આ ગુનામાં શિવા નથુભાઈ ડોંડા નામનો આરોપી ફરાર હોય જેમને પકડવા પોલીસે દોડધામ આદરી છે.

# મોરબી-બોટાદના મત્સ્યઉદ્યોગ અધિકારી રાજકોટમાં ૫૦ હજારની લાંચ લેતા ઝડપાયા!



## ટેન્ડરના વર્ક ઓર્ડર આપવા તથા રિજેક્ટ થયેલ ટેન્ડરના ડિમાન્ડ ડ્રાફ્ટ પરત આપવા માટે પૈસા માગતા એસીબીએ દબોચ્યો

રાજકોટ:

રાજકોટના સિવિલ હોસ્પિટલ ચોક નજીક ભાવનગર એન્ટી કરપ્શન બ્યુરાએ એક મોટી સફળ ટ્રેપ ગોઠવીને બોટાદ મત્સ્ય ઉદ્યોગના ઈન્ચાર્જ અધિક્ષકને રૂ. ૫૦,૦૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા છે. સરકારી કામકાજ માટે ટેન્ડરના વર્ક ઓર્ડર આપવા અને રિજેક્ટ થયેલા ટેન્ડરના ડિમાન્ડ ડ્રાફ્ટ પરત કરવાના બહાને ક્લાસ-૨ અધિકારી દ્વારા આ રકમની માંગણી કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદીએ ચાલુ વર્ષ દરમિયાન મત્સ્યઉદ્યોગ ખાતામાં કુલ ૭ ટેન્ડર ભર્યા હતા. જેમાંથી ૩ ટેન્ડર મંજૂર (પાસ) થયા હતા અને ૪ ટેન્ડર રિજેક્ટ થયા હતા. મંજૂર થયેલા ટેન્ડરના વર્ક ઓર્ડર આપવા તેમજ રિજેક્ટ થયેલા ટેન્ડરના ડિમાન્ડ ડ્રાફ્ટ પરત આપવાની અવેજીમાં મત્સ્યઉદ્યોગ વિભાગના અધિક્ષક ખોડાભાઈ વલ્લભભાઈ રામાણી દ્વારા શરૂઆતમાં ૧ લાખની લાંચની માંગણી કરવામાં આવી હતી. જોકે, ફરિયાદી સાથે રકઝકના અંતે ૫૦,૦૦૦ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે તુરંત ભાવનગર એસીબીનો સંપર્ક કરીને સમગ્ર મામલે લેખિત ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીની કાયદેસરની ફરિયાદના આધારે એસીબીની ટીમે બુધવારે સાંજે રાજકોટ શહેરના સિવિલ હોસ્પિટલ ચોક નજીક આવેલી એસબીઆઈ બેંક પાસે લાંચનું છટકું ગોઠવ્યું હતું. આરોપી ખોડા રામાણી ત્યાં આવી પહોંચ્યા હતા અને ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી ૫૦,૦૦૦ની લાંચની રકમ સ્વીકારી હતી. તેમણે પૈસા હાથમાં લીધા કે તરત જ પૂર્વ આયોજિત ગોઠવણ મુજબ એસીબીની ટીમે તેમને રંગે હાથ ઝડપી લીધા હતા. એસીબીએ લાંચની રકમ કબ્જે કરી આરોપી સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી ખોડાભાઈ વલ્લભભાઈ રામાણી મૂળ મોરબી ખાતે મત્સ્યઉદ્યોગના અધિક્ષક (ક્લાસ-૨) તરીકે ફરજ બજાવે છે. પરંતુ, તેમની પાસે બોટાદ કચેરીનો પણ વધારાનો (ઈન્ચાર્જ) હવાલો હતો. બોટાદ વિભાગનો ચાર્જ હોવાનો ગેરફાયદો ઉઠાવીને તેમણે કોન્ટ્રાક્ટર પાસે વર્ક ઓર્ડર અને ડિમાન્ડ ડ્રાફ્ટ પરત મેળવવા માટે લાંચની માંગણી કરી હતી, જે અંતે તેમને જેલના સળિયા પાછળ ધકેલી ગઈ છે.

# રેલનગરમાં શખ્સે પરિણીતાની છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

## પતિ-સંતાનો સાથેના ફોટા પાડી બીભત્સ ટિપ્પણીના પોસ્ટર સોસાયટીમાં લગાડ્યા!

રાજકોટ:શહેરના રેલનગર વિસ્તારમાં આવેલ સાધુ વાસવાણી કુંજ રોડ પરની દ્વારકા વિલેજ સોસાયટીમાં રહેતી પરિણીતાની અવારનવાર જાતીય સતામણી કરી, ફોટા પાડી સોસાયટીના ગ્રૂપમાં બીભત્સ પોસ્ટ મૂકી પજવણી કરવા અંગે તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે લોહાણા શખ્સ સામે પ્રદ્યુમ્નનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.દ્વારકા વિલેજના છ/૪૦૩માં રહેતા ઋજુતાબેન વિશાલભાઈ હિરાણી નામના પરિણીતાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે દ્વારકા વિલેજ છ/૨૦૪માં જ રહેતા હાર્દિક મહેશ પોપટનું નામ આપ્યું છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત તા.૨૭ મેના રોજ આરોપી હાર્દિકે ફરિયાદી અને તેમના પતિનો મોબાઈલ નંબર લખીને ખરાબ કમેન્ટ્સ સાથેના બોર્ડ બનાવી સોસાયટીના નાકે લગાડી દીધા હતા. જે તે સમયે પીડિત પરિવારે પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ પણ આરોપીની હિંમત વધતી ગઈ હતી.પરિણીતા પોતાના બાળકોને સ્કૂલ બસમાં બેસાડવા જાય કે બજારમાં ખરીદી કરવા નીકળે ત્યારે આરોપી હાર્દિક સતત તેનો પીછો કરતો હતો. એટલું જ નહી, ફરિયાદી, તેના પતિ અને બાળકોના ફોટા પાડી તેમાં બીભત્સ ટિપ્પણીઓ ઉમેરીને વાઈરલ કરતો હતો.આરોપી હાર્દિક પોપટ અવારનવાર છેડતી કરતો હોવાથી પરિણીતાએ આવું કરવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ''આ બાબતે કોઈને જાણ કરીશ તો તને, તારા પતિને અને બાળકોને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. ત્યારબાદ ગત તા.૨૨ જુલાઈના રોજ બપોરે દોઢ વાગ્યાના અરસામાં આરોપીએ સોસાયટીના રહેવાસીઓના WhatsApp ગ્રૂપમાં ફરીથી પરિણીતા વિશે અત્યંત ખરાબ અને ગંદી કોમેન્ટ્સ પોસ્ટ કરી હતી.સતત માનસિક ત્રાસથી કંટાળીને આખરે પરિણીતાએ હાર્દિક પોપટ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને દબોચી લેવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પતિ-સંતાનો સાથેના ફોટા પાડી બીભત્સ ટિપ્પણીના પોસ્ટર સોસાયટીમાં લગાડ્યા

# જસદણ નજીક સૂટકેસમાંથી મૃતદેહ મળ્યો: કોહવાયેલી હાલતમાં લાશ મળી, હત્યાની આશંકા

રાજકોટ:

જસદણ તાલુકાના પાંચવડા ગામ નજીક નદી કાંઠેથી એક બંધ સૂટકેસમાંથી અજાણ્યા શખ્સનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. પ્રાથમિક દ્રષ્ટિએ હત્યા બાદ પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી લાશને સૂટકેસમાં ભરી ફેંકી દેવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિક લોકોના ધ્યાનમાં આવ્યું કે પાંચવડા ગામ નજીક નદીના કાંઠે એક બિનવારસી અને શંકાસ્પદ સૂટકેસ પડ્યો હતો. આટકોટ પોલીસને જાણ થતા તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે સૂટકેસ ખોલતા અંદરથી અત્યંત કોહવાયેલી હાલતમાં માનવ મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકે જીન્સનું પેન્ટ અને શર્ટ પહેરેલું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી રાજકોટ ગ્રામ્ય LCB, SOG તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળનું બારીકાઈથી નિરીક્ષણ કરી જરૂરી પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને ફોરેન્સિક તપાસ અને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે.

હાલ પોલીસે મૃતકની ઓળખ મેળવવા માટે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. મૃતક કોણ છે, તેની હત્યા ક્યાં અને કયા કારણોસર કરવામાં આવી હતી તેમજ મૃતદેહને અહીં કોણ ફેંકી ગયું તે સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખી અલગ-અલગ ટીમો દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભય અને ચર્ચાનો માહોલ સર્જ્યો છે. પોલીસ દ્વારા ટૂંક સમયમાં મહત્વની વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

# ચોરીનું આળ મૂકી શ્રમિકને બાંધી કારખાનેદારના પુત્ર સહિત ૯ શખ્સે પાઈપના ઘા ઝીંકી પતાવી દીધો!

## કાવ્યા એલોય પ્રા. લિ.માં ચોરીની શંકાએ મજૂરને ખાટલા પર ઊંધા સુવડાવી દોરીથી બાંધી ઢોરમાર માર માર્યો,માલિકના પુત્ર સહિત ૯ સામે હત્યાનો ગુનો

રાજકોટ:રાજકોટના કુવાડવા રોડ પોલીસ મથક વિસ્તારમાં આવેલા મઘરવાડા ગામની કાવ્યા એલોય પ્રા.લિ.માં કોપર વાયર ચોરીની શંકાએ બુધવારે સવારે મજૂરને ખાટલા પર ઊંધા સુવડાવી દોરીથી બાંધી ઢોરમાર મારવામાં આવ્યો હતો.સારવાર મળે તે પહેલાં જ તેનું મોત થતાં કુવાડવા પોલીસે મેનેજર, માલિકના પુત્ર સહિત ૯ સામે હત્યાનો ગુનો નોંધ્યો છે.આ બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ કાવ્યા એલોય પ્રા.લિ.માં મજૂરી કરતા સર્વેશ સુશીલકુમાર ચૌહાણની ફરિયાદના આધારે કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધ્યો છે.

ફરિયાદીનો પિતરાઈ મોટો ભાઈ ચંદ્રવીર ભગવતી ચૌહાણ (ઉ.વ.૪૦) છેલ્લા બે મહિનાથી ફેક્ટરીમાં કામ કરતો હતો. કુવાડવા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી તરીકે કારખાનેદાર ભાવેશ લીંબાસિયાનો દીકરો સાહિલ લીંબાસિયા, મેનેજર શનિ રૈયાણી, સહકર્મી પાર્થ હાપલિયા, ડેનિશ હાપલિયા, સત્યમ ડોબરિયા, રમેશ સિદ્ધાર્થ, વિશાલ જાટપ, રાજુ ઠાકોર, મુન્ના વર્મા તથા અન્ય અજાણ્યા શખ્સોના નામ આપ્યા છે.ફરિયાદ મુજબ, મંગળવારે મોડી રાત્રે મેનેજરે સર્વેશને જગાડી કુવાડવા તરફ લઈ જઈ ચંદ્રવીર પકડાયો હોવાનું જણાવ્યું હતું. તેની પાસે રહેલા કોથળામાંથી અંદાજે ૩૫ કિલો કોપરનો વાયર મળ્યો હોવાનું કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને ફેક્ટરીમાં લાવવામાં આવ્યો હતો.

બુધવારે સવારે ફેક્ટરીના ગેટ પાસે ચંદ્રવીરને ખાટલા પર ઊંધો સુવડાવી દોરીથી બાંધી રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ચોરીમાં કોણ કોણ સામેલ છે? તે અંગે આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. મારકૂટ દરમિયાન ચંદ્રવીર બેભાન થઈ જતાં તેને રૂમમાં ખસેડવામાં આવ્યો હતો.

બાદમાં પાણી પીવડાવવા જતાં તે કોઈ જવાબ આપતો ન હોવાનું જણાતા ફેક્ટરી સંચાલકોને જાણ કરાઈ હતી. ૧૦૮ની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતાં ચંદ્રવીરને મૃત જાહેર કર્યો હતો.ચોરીમાં અન્ય કોણ સામેલ છે તેની કબૂલાત કરાવવા પ્લાસ્ટિકની નળી અને મશીનના પટ્ટાથી માર માર્યો હત્યારાઓએ કાયદાને હાથમાં લઈ ચોરીમાં અન્ય કોણ સામેલ છે તેની પૂછપરછના નામે પ્લાસ્ટિકની નળી અને મશીનના પટ્ટાથી શ્રમિકને વારંવાર માર માર્યો હતો. હત્યાના આ ગુનાના ફરિયાદીએ ચંદ્રવીરની મરણચીસો સાંભળીને વધુ માર નહીં મારવા વિનંતી પણ કરી હતી, છતાં માર ચાલુ રાખવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. પોલીસે બનાવને અંજામ આપી ભૂગર્ભમાં છુપાયેલા આરોપીઓને પકડવા શોધખોળ હાથ ધરી છે.

# જંકશન વિસ્તારમાંથી લાખોનો ગાંજો, ચરસ, એમડી સહિતનું ડ્રગ્સ ઝડપાયું : ફ્રુટના વેપારીની ધરપકડ

રાજકોટ:શહેરમાં નશાના કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. એસઓજીની ટીમે બાતમીના આધારે જંકશન વિસ્તારમાં એક મોટો દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતનો નશીલા પદાર્થોનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ સફળ ઓપરેશન દરમિયાન પોલીસે પ્રતિબંધિત ગાંજો, ચરસ અને અત્યંત કિંમતી એમડી (મેફેડ્રોન) ડ્રગ્સ, હાઈબ્રીડ ગાંજો સહિતનો રૂ.૯ લાખથી વધુના મુદામાલ સાથે મર્ડરના આરોપી રમેશ ઉર્ફે મુના મને દબોચી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એન.બી.ચૌધરીની રાહબરીમાં પીએસઆઇ એમ.વી.ચૌધરી ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે ટીમને જંકશન વિસ્તારમાં મોટા પાયે ડ્રગ્સની હેરાફેરી થતી હોવાની ચોક્કસ લિંક મળી હતી.

જેના આધારે ટીમે વોચ ગોઠવીને ઓચિંતો દરોડો પાડ્યો હતો. દરોડા




દરમિયાન આરોપી પાસેથી અલગ-અલગ પ્રકારના નશીલા પદાર્થો મળી આવ્યા હતા, લ હાલ પોલીસ દ્વારા આ તમામ જથ્થો કાયદેસર રીતે રિકવર કરવાની લ તજવીજ ચાલી રહી છે. એસઓજીની ટીમે આરોપી રમેશ ઉર્ફે મુન્નો કેવડામલ સીવનદાસ ગુલવાણી (ઉ. વ.૪૬, રહે સિંધી કોલોની જંકશન પ્લોટ) ને પકડી તેની પાસેથી હાઈબ્રીડ ગાંજો, ચરસ, એમડી સહિતનું ડ્રગ્સ મળી કુલ રૂ.૯ લાખથી વધુનો મુદામાલ કબ્જે કર્યો હતો.ઝડપાયેલા કુખ્યાત શખ્સની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે.

નશાનો આ આખો જથ્થો સુરેન્દ્રનગર જિલ્લાના થાન પંથકમાંથી સપ્લાય કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આ નેટવર્કના તાર છેક થાન સુધી જોડાયેલા હોવાથી પોલીસે હવે એ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે કે થાન પંથકમાં આ ડ્રગ્સ કોણે મોકલ્યું હતું અને રાજકોટમાં આ સિવાય અન્ય કોને-કોને સપ્લાય કરવાનું હતું.

આ સફળ કામગીરીથી ડ્રગ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ આ કેસમાં ગુનાહિત કાવતરાના મૂળ સુધી પહોંચવા માટે આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ કરી રહી છે, જેથી આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસા થવાની પૂરી શક્યતા છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલા આરોપી અગાઉ મર્ડરના ગુનામાં જેલ ભોગવીને બહાર આવ્યો છે. જે છેલ્લા ઘણા સમયથી છૂટકમાં ગાંજાનું વેચાણ કરતો હોવાની પણ કબુલાત આપી છે.

# રાજકોટમાં ૧૫ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ

## ઈન્સ્ટાગ્રામથી સંપર્ક કરી લગ્નની લાલચ આપી હવસનો શિકાર બનાવી,પરિવારને મારી નાખવા ધમકી આપતો

રાજકોટ:રાજકોટમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મની ઘટના સામે આવી છે. રાજકોટના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની સગીરાને ઈન્સ્ટાગ્રામ સાથે એક શખ્સ સાથે પરિચય થયો હતો અને બાદમાં પ્રેમ સબંધ બંધાતા ગોંડલના આરોપી લગ્નની લાલચ આપી સગીરા સાથે અવારનવાર દુષ્કર્મ આચરતો હતો. એટલું જ નહિ સગીરા તેની સાથે વાતચીત ન કરે તો આખા પરિવારને મારી નાખવા ધમકી આપતા ફરિયાદ નોંધાઈ હતી, જેથી પોલીસે આરોપી ધવલ રાવરાણીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ શહેર એસીપી બી.જે.ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજકોટના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક સગીરાએ ગઈકાલે તેની સાથ લગ્નની લાલચે દુષ્કર્મ થયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગોંડલના આરોપી ધવલ દિલીપભાઈ



રાવરાણીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી ધવલએ ઈન્સ્ટાગ્રામ મારફત સંબંધ કેળવ્યા બાદ તેને લગ્ન કરવાની લાલચ આપી સગીરાને વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ સગીરા રાજકોટ શહેરમાં પોતાના ઘરે એકલી હતી ત્યારે તા.૨૭ જાન્યુઆરીના રોજ ઘસી જઈ સગીરાની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શારીરિક અડપલાં અને દુષ્કર્મ આચર્યું હતું.

એટલું જ નહીં, જ્યારે ભોગ બનનાર સગીરાએ આ સંબંધ રાખવાની ના પાડી અને આરોપીથી દૂર રહેવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીએ પોતાનો અસલી રંગ બતાવ્યો હતો અને આરોપીએ સગીરાને ડરાવી-ધમકાવીને કહ્યું હતુ કે, "જો હવે તું મારી સાથે કોન્ટેક્ટ નહી રાખે તો તારા પરિવારના સભ્યોને જાનથી મારી નાખીશ." પરિવાર પર આવી પડેલી આફત અને ધમકીથી ડરી ગયેલી સગીરા લાંબા સમય સુધી આ માનસિક અને શારીરિક ત્રાસ સહન કરતી રહી હતી.

અંતે આ સમગ્ર મામલો સગીરાના પરિવાર સામે આવતા પરિવારે સમય સૂચકતા વાપરી પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં આરોપી ધવલ રાવરાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં આરોપી પરિણીત હોવાનું અને ડ્રાઈવિંગ કામ કરતો હોવાનું સામે આવ્યું છે.

# વકીલના મકાનમાં હાથફેરો : મજૂર રોકડ સાથેનુ પાકિટ ચોરી ગયો

રાજકોટ:રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં રહેતા વકીલના ઘરે ખાડો ખોદવાની મજૂરીકામ માટે આવતા શખ્સે ઘરમાંથી રૂ. ૨૦ હજાર રોકડ સાથેનું પાકિટ તફડાવી લીધું હતું. જે અંગે વકીલે યુની. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને સકંજામાં લઈ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે રૈયાધાર સ્લમ ક્વાર્ટર શિવધારા મેડિકલની બાજુમાં રહેતા એડવોકેટ અશોક ગોવિંદભાઈ વાઘેલા (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રૈયાધાર સ્લમ ક્વાર્ટરમાં પ્લોટ નં. ૭ માં રહેતા રાજુ ઉર્ફે રાજ્યોનું નામ આપી જણાવ્યું હતું કે, ગઇ તા. ૨૫-૬ ના સવારના આશરે ૮ વાગ્યા આસપાસ યુવાન ઘર પાસે આવેલી કરિયાણાની દુકાનેથી ઘરે આવી ફોન અને પાકીટ શોધતા પાકીટ મળી આવ્યું ન હતું.જેથી યુવાને તેની માતા જયાબેનને કહ્યું હતું કે, પાકીટ મળતું નથી ત્યારબાદ યુવકને તેની માતાએ કહ્યું હતું કે, આપણા ઘરે ખાડો ખોદવા જે મજૂર રાજુ ઉર્ફે રાજ્યો આવે છે તેને આજે સવારના ૭:૩૦ વાગ્યા આસપાસ મને કહ્યું હતું કે, મારે મારી પત્ની સાથે વાત કરવી છે.મને ફોન આપો, જેથી મેં તારા પિતા ગોવિંદભાઈ સુતા હોય તેમનો ફોન રાજુને આપ્યો હતો અને તે ઘરમાં ફોનમાં વાત કરતો હોય જેથી તેને થોડે દૂર જઈ વાત કરવાનું કહેતા તેને વાત કર્યા બાદ ફોન આપણા રૂમમાં ફ્રીજ ઉપર રાખ્યો હતો અને ફ્રીજ ઉપર તારું પાકીટ હોય જેથી તે લઈ ગયો હોય તેવી શંકા છે.યુવાનના પાકીટમાં રોકડ રૂ.૨૦ હજાર તથા આધારકાર્ડ, પાનકાર્ડ, લાઇસન્સ અને વકીલાતની સનદકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ હોય જે આ મજૂર ચોરી કરી ગયો હોય જેથી આ અંગે ફરિયાદ નોંધાવતા યુની મ પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામા લઈ રોકડ અને જરૂરી ડોક્યુમેન્ટ કબજે કરવા તજવીજ હાથ ધરી છે.

# ગોંડલમાં અમૃત ગેસ્ટહાઉસમાં દેહવ્યાપારનો પર્દાફાશ

## એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના દરોડા, ત્રણ આરોપીઓ સામે ગુનો; ૧૫,૪૦૦નો મુદ્દામાલ જપ્ત




ગોંડલ:રાજકોટ ગ્રામ્ય એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) એ ગોંડલ બસ સ્ટેશન સામે આવેલા 'અમૃત ગેસ્ટ હાઉસ' માં ચાલતા દેહવ્યાપારના અડ્ડાનો પર્દાફાશ કર્યો છે. AHTUટીમે દરોડા પાડી ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી કુલ ૧૫,૪૦૦/-થી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. AHTUપોલીસ ઈન્સપેક્ટર એન.એ. શુક્લ અને તેમની ટીમને મળેલી ચોક્કસ માહિતીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગોંડલ બસ સ્ટેશન સામે, શિવ કોમ્પલેક્ષના બીજા માળે આવેલા 'અમૃત ગેસ્ટ હાઉસ' માં સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓ આર્થિક લાભ માટે બહારથી આવતા કપલોને રૂમની સુવિધા આપતા હતા. આ ઉપરાંત, તેઓ બહારથી મહિલાઓને બોલાવી ગ્રાહકો સાથે દેહવ્યાપાર કરાવતા હતા અને ગ્રાહકો પાસેથી રોકડ રકમ વસૂલી પોતાનું કમિશન રાખી કૂટણખાનું ચલાવતા હતા.

પોલીસે આ મામલે ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ત્રણ આરોપીઓ કુરેશી હનિફ ભીખાભાઇ (રહે. ગોંડલ), દશરથભાઈ દિલીપભાઈ રાઠોડ (રહે. ગોંડલ), અને ધર્મેન્દ્ર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને અન્ય સામગ્રી મળી કુલ રૂપિયા ૧૫,૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

હાલ AHTU ટીમ દ્વારા તમામ આરોપીઓ અને ભોગ બનનારના પ્રાથમિક નિવેદનો નોંધી આગળની તપાસ માટે ગોંડલ સિટી પોલીસ સ્ટેશનને કેસ સોંપવામાં આવ્યો છે. જાહેર સ્થળ નજીક ચાલતા આ કૂટણખાનાનો પર્દાફાશ થતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

### કાકા-ભત્રીજાનો હુમલો

ગોંડલ પાલિકાના સેનિટેશન વિભાગના સુપરવાઈઝર પર શેરીમાંથી સ્પીડમાં બાઈક ચલાવવા જેવી બાબતે ઉશ્કેરાઈને કાકા-ભત્રીજાએ લોખંડની સાંકળ અને ઢીકાપાટુ વડે હુમલો કર્યો હતો. આ બનાવમાં ઈજાગ્રસ્ત કર્મચારીને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડાયા છે.

ગોંડલના કપુરીયાપરા મિલ રોડ પર રહેતા અને નગરપાલિકામાં સેનિટેશન સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા ચિરાગ પ્રફુલભાઈ રાજ્યગુરુ રાત્રે પોતાની દુકાને જવા નીકળ્યા હતા. દરમિયાન શેરીમાં જ રહેતા જાદરેશ બાંભવાએ ફોન કરીને સ્પીડમાં ગાડી ચલાવવા બાબતે બોલાચાલી કરી ગાળાગાળી કરી હતી.

ત્યારબાદ જાદરેશ બાંભવા અને તેનો ભત્રીજો રાજેશ બાંભવા દુકાને પહોંચ્યા હતા. જ્યાં બંનેએ રાજેશ પાસે રહેલી દૂધના કેન બાંધવાની લોખંડની સાંકળ વડે હુમલો કર્યો હતો, જ્યારે જાદરેશે ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ નાસી છૂટ્યા હતા.

ગંભીર ઈજાઓ પહોંચાડતાં પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી. બનાવ અંગે ચિરાગભાઈ રાજ્યગુરુની ફરિયાદના આધારે ગોંડલ સિટી પોલીસે આરોપી જાદરેશ સવાભાઈ બાંભવા અને રાજેશ ગેલાભાઈ બાંભવા વિરુદ્ધ ગુનો નોંધી તેમને પકડવા માટે ચક્રગતિમાન કર્યા છે. ઈજાગ્રસ્ત સુપરવાઈઝર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# ફ્રેન્ડ સાથે વાત કરવાના મુદ્દે પિતાએ ઠપકો દેતાં સગીરાનો આપઘાતનો પ્રયાસ

રાજકોટ:

રાજકોટ જિલ્લામાં અલગ-અલગ કારણોસર બે સગીરાઓએ આપઘાતનો પ્રયાસ કરતાં બંનેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. કોટડાસાંગાણી પંથકમાં ૧૭ વર્ષની સગીરાએ ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ સાથે વાત કરતી હોવાનું પિતાને જાણ થતાં ઠપકો મળ્યો હતો.આથી લાગી આવતાં તેણે ઘરમાં રાખેલું ફિનાઈલ પી લીધું હતું. પરિવારજનોએ તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી. ચાર ભાંડરડામાં સૌથી મોટી આ સગીરાના પિતા છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

બીજા બનાવમાં જસદણ પંથકના ગામમાં રહેતી અને ધોરણ-૫માં અભ્યાસ કરતી ૧૬ વર્ષની બાળાએ ઘરની લોખંડની બારીમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો.

તે સમયે ઘરે હાજર તેના મૂકબધિર દાદાએ બાળાને લટકતી જોઈ તાત્કાલિક નીચે ઉતારી પાડોશીઓની મદદથી પરિવારને જાણ કરી હતી. પ્રાથમિક સારવાર બાદ બાળાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.ત્રણ ભાંડરડામાં સૌથી મોટી બાળાએ આ પગલું કયા કારણોસર ભર્યું તે અંગે પરિવાર અજાણ હોવાનું સામે આવ્યું છે. હોસ્પિટલ ચોકી દ્વારા બંને બનાવોની જાણ સંબંધિત પોલીસને કરવામાં આવી છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પરિવારજનોના નિવેદનોના આધારે પોલીસે બંને બનાવોના ચોક્કસ કારણો જાણવા તપાસ હાથ ધરી છે.